Sunday
19.05.2024
*Volume :8 * Issue No.298
*Email.:kamalamgujarat@gmail.com
* www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)
વિશ્વાસથી વિકાસ યાત્રા
ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...
# કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily
RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,
*Managing Editor: Arjun Sondarva
* Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 * Page :04 * Rs. 00.25/- * Annual Rs. 90/-

### મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરે પ્રથમ વખત શિવાજી પાર્ક ખાતે પીએમ મોદી સાથે મંચ પર

# ૨૦૧૯થી ૨૦૨૪ દરમિયાન પીએમ મોદી દ્વારા કરવામાં આવેલા કામ માટે હું તેમનો આભાર માનું છું: રાજઠાકરે



મુંબઈ,તા. ૧૮

મહારાષ્ટ્રના લોકપ્રિય નેતા અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ) ના પ્રમુખ રાજ ઠાકરેએ પ્રથમ વખત શિવાજી પાર્ક ખાતે પીએમ મોદી સાથે મંચ શેર કર્યો હતો. એમએનએસ પ્રમુખ રાજ ઠાકરેએ મંચ પરથી કહ્યું હતું કે, કહ્યું કે અન્ય વક્તાઓએ ઉદ્ધવ ઠાકરે અને શરદ પવારની ટીકા કરવામાં સમય બગાડ્યો હતો. મને નથી લાગતું કે તેમના વિશે વાત કરવાનો કોઈ અર્થ છે. કારણ કે તેઓ સત્તામાં નહીં આવે. પરંતુ હું ૨૦૧૯ થી ૨૦૨૪ દરમિયાન પીએમ મોદી દ્વારા કરવામાં આવેલા કામ માટે તેમનો આભાર માનું છું. રામ મંદિર અને કાશ્મીર પર ટિપ્પણી કરતા ઠાકરેએ કહ્યું, ’રામ મંદિર બનવાની અમારી આશાઓ તૂટી ગઈ હતી, પરંતુ મોદીના કારણે અયોધ્યામાં રામ મંદિર બન્યું અને તે આંદોલનમાં પોતાના જીવનનું બલિદાન આપનારાકારસેવકોની આત્માને શાંતિ મળી. તેમના કારણે જ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ દૂર થઈ, તેથી એવું અનુભવાયું કે કાશ્મીર પણ ભારતના અન્ય રાજ્યોની જેમજ આપણું છે. પીએમમોદીએમુસ્લિમમહિલાઓને ત્રણ તલાકના દર્દથી મુક્તિ અપાવી, અને તેમની સાથે થઈ રહેલા અન્યાયને કાયમ માટે દૂર કર્યો, તે માટે તેમને અભિનંદન." રાજ ઠાકરેએ આ દરમ્યાન મંચ પરથી પીએમ મોદી સમક્ષ મુંબઈ અને મહારાષ્ટ્ર માટે કેટલીક માંગ કરી હતી તેમણે કહ્યું કે

-મરાઠીને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો આપવાની માંગ પૂરી થવી જોઈએ.

-મરાઠા સામ્રાજ્યનો ઈતિહાસ ભારતમાં લગભગ ૧૨૫ વર્ષ સુધી અસ્તિત્વમાં હતો અને તેને દેશના દરેક શાળાના અભ્યાસક્રમમાં સામેલ કરવો જોઈએ.

-શિવ છત્રપતિના સ્મારકો તેમના દ્વારા બાંધવામાં આવેલા કિલ્લાઓ છે. કેન્દ્ર સરકારે આ કિલ્લાઓના સંરક્ષણ માટે એક વિશેષ સમિતિની નિમણૂક કરવી જોઈએ.

-જેમ કે તમે દેશમાં સારા રસ્તાઓ બનાવ્યા છે, પરંતુ છેલ્લા ૨૦ વર્ષથી અટકેલો આપણો મુંબઈ-ગોવા હાઈવે પૂરો થવો જોઈએ.

-હું જાણું છું કે તમે બંધારણમાં ફેરફાર નહીં કરો પરંતુ ફરી એકવાર તમે દેશને ખાતરી આપી શકો છો કે ભારતના બંધારણને કોઈ ખતરો નહીં રહે.

-છેલ્લી માંગ છે કે મુંબઈ રેલવેના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરજો, ટ્રેનોની સંખ્યા વધારજો, મુસાફરોને વધુ સારી સુવિધાઓ પૂરી પાડવા માટે મુંબઈ રેલવેને વધુ ભંડોળ પુરુ પાડજો.

# સુરતના અબ્રામા ખાતે પૂ. દાદા ભગવાન પ્રેરિત ત્રિમંદિરનું ખાતમુહૂર્ત કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



સુરત

સુરતના અબ્રામા ખાતે નિર્માણ પામનાર પૂજ્ય દાદા ભગવાન પ્રેરિત નિષ્પક્ષપાતી ત્રિમંદિરનું ખાતમુહૂર્ત મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. દુઃખિયાના દરબારની આગળ, કેનાલ રોડ, અબ્રામા ખાતે દાદા ભગવાન ફાઉન્ડેશન દ્વારા સાત વીઘા ભૂમિમાં નિર્માણ પામનાર નૂતન ત્રિમંદિરમાં ભગવાન શિવ, સીમંધર સ્વામી, શ્રી કૃષ્ણ, ગણેશજી, ખોડિયાર માતાજી, અંબા માતાજી તેમજ શ્રી સાઈબાબાની મૂર્તિઓ બિરાજશે. ત્રિમંદિરના ભૂમિ પૂજન પ્રસંગે પૂ.દિપક ભાઈજીએ ઉપસ્થિત અનુયાયીઓને આશીર્વચન પાઠવ્યા હતા. નોંધનીય છે કે, હાલમાં અડાલજ, મુંબઈ, બરોડા, રાજકોટ, ગોધરા, ભુજ સહિત અન્ય શહેરોના કુલ ૧૮ ત્રિમંદિરોમાં હજારો અનુયાયીઓ દર્શનનો લાભ લઈ રહ્યા છે, જયારે મુંબઈના થાણે, પૂણે અને વેરાવળ(ગીર સોમનાથ)માં વધુ ત્રણ મંદિરો નિર્માણાધિન છે. ઉપરાંત, સુરતના અબ્રામામાં પણ વધુ એક ત્રિમંદિર નિર્માણ પામશે. આ પ્રસંગે ૨૪-સુરત સંસદીય મત વિસ્તારના બિનહરીફ વિજેતા ઉમેદવાર શ્રી મુકેશભાઈ દલાલ, ધારાસભ્યો શ્રી કિશોરભાઈ કાનાણી અને કાંતિભાઈ બલર, મેયર શ્રી દક્ષેશ માવાણી, રાજ્યના પૂર્વ મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં અનુયાયીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સુરત પાલિકાએ ડ્રોનની મદદથી જૂના બ્રિજનો સરવે કરાવ્યો



સુરત,તા. ૧૮

સુરતને બ્રિજ સિટીની પણ ઉપમા આપવામાં આવી છે. શહેરમાં બનેલા ૧૦૫ થી વધુ બ્રિજના સ્ટ્રક્ચરની સ્થિતી જાણવા માટે પાલિકાએ સરવે શરૂ કરાવ્યો છે. આ સરવેમાં પાલિકાએ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો પ્રયાસ કર્યો છે. બ્રિજના સ્પાન અને પીઅરની વચ્ચેના ભાગમાં જ્યાં પહોંચવુ મુશ્કેલ હોય ત્યાંના સ્ટ્રક્ચરનું અવલોકન કરવા માટે ડ્રોન કેમેરાનો ઉપયોગ કરાઈ રહ્યો છે. સુરત શહેર બ્રિજ સિટી અને ડાયમંડ સીટી બાદ શહેરમાં આશરે ૧૨૪ જેટલા નાના મોટા બ્રિજ હવે સુરત શહેર બ્રિજ સિટી તરીકે પણ ઓળખાઈ રહ્યું છે. અમદાવાદમાં જર્જરિત બ્રિજને કારણે થયેલા મસમોટા વિવાદ બાદ રાજય સરકારે તમામ પાલિકાઓને હયાત બ્રિજના સરવેનો આદેશ કર્યો હતો. સુરત પાલિકાએ પણ જુના બ્રિજના સર્વેની કામગીરી હાથ ધરી હતી. જોકે, આ સરવે દરમિયાન અવલોકન કરવા માટે અગવડ પડી રહી હતી. એટલે, બ્રિજના કેટલાંક હિસ્સાના અવલોકન કરવા માટે હવે સુરત પાલિકાએ ડ્રોનનો ઉપયોગ શરુ કર્યો છે. બ્રિજના સર્વેમાં ખાસ કરીને સ્પાનની નીચે અને પીઅરની ઉપરના ભાગમાં અવલોકન કરવું મુશ્કેલ હોય છે. એટલે સુરત પાલિકા દ્વારા ડ્રોનનો ઉપયોગ કરીને વીડિયોગ્રાફી કરવામાં આવી રહી છે. આ કામગીરી ચોમાસા પહેલા પુરી થાય તે માટે કવાયત શરૂ કરવામાં આવી છે. આ ડ્રોન સરવેમાં જો કોઈ બ્રિજમાં મરામતની પહેલી નજરે જરૂર હોય તેવું જણાશે તો ત્વરિત રિપેરિંગની કામગીરી માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

# ભારતીય સંસ્કૃતિમાં વિશ્વકલ્યાણની વિભાવના છે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

## આચાર્ય શ્રી મહાશ્રમણજીની દીક્ષાના ૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે જાલનામાં દીક્ષા કલ્યાણ મહોત્સવના સમાપન સમારોહનું દિવ્ય અને ભવ્ય આયોજન





### દરેકે આત્માના ઉત્થાન માટેના પ્રયત્નો કરતાં કરતાં અન્યના કલ્યાણ માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ : આચાર્ય શ્રી મહાશ્રમણજી

જૈન શ્વેતાંબર તેરાપંથ ધર્મસંઘના ૧૧મા અનુશાસક આચાર્ય શ્રી મહાશ્રમણજીની દીક્ષાના ૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત દીક્ષા કલ્યાણ મહોત્સવના સમાપન સમારોહમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, ભારતીય સંસ્કૃતિ દુનિયાની સૌથી પુરાતન સંસ્કૃતિ છે. આપણે મહાન ઋષિ-મુનિઓના સંતાનો છીએ.

ભારતીય પરંપરા વૈદિક, અધ્યાત્મવાદી અને વિશ્વ કલ્યાણની વિભાવનાવાળી છે. શ્રી મહાશ્રમણજીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં જાતિ-ધર્મના ભેદભાવ વિના સદભાવના, નૈતિકતા અને નશામુક્તિ માટે સતત પ્રયત્ન થઈ રહ્યા છે. આ માનવતાની સેવા છે. આજ સુધીમાં ૫૫ હજાર કિલોમીટરની પદયાત્રા પૂર્ણ કરનાર આચાર્ય મહાશ્રમણજી આજના દિવસે તેરાપંથના ૧૧મા અધિશાસ્તા તરીકે વિધિવત પટ્ટાસીન થયા હતા. મહારાષ્ટ્રના જાલનામાં આયોજિત દીક્ષા કલ્યાણ મહોત્સવમાં બોલતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, આચાર્ય મહાશ્રમણજીએ નાની વયમાં જીવનના પરમ તત્વની સમજણ કેળવીને ભૌતિક સંસારથી વિરક્તિનો માર્ગ પસંદ કરીને માનવતાના કલ્યાણ માટે પોતાનું જીવન સમર્પિત કર્યું છે. દીક્ષાના ૫૦ વર્ષની પૂર્ણાહૂતિનો આ પ્રસંગ આવનારી પેઢી અને સમાજના કલ્યાણનું કારણ બનશે. આ અવસરે આચાર્ય શ્રી મહાશ્રમણજીએ કહ્યું હતું કે, આજના દિવસે ભગવાન મહાવીરને ન માત્ર જ્ઞાન પ્રાપ્ત થયું હતું, તેઓ સર્વજ્ઞ બની ગયા હતા. આજનો દિવસ જ્ઞાનપ્રાપ્તિ, વૈરાગ્યપ્રાપ્તિ, શક્તિ સંપન્નતા અને સર્વદર્શિતા કેળવવાનો દિવસ છે. તેરાપંથ સંપ્રદાયનો પ્રારંભ થયાને ૨૬૪ મુ વર્ષ ચાલી રહ્યું છે. તેરાપંથની જવાબદારી મળ્યા ને ૧૪ વર્ષ સંપન્ન થયા તે વેળાએ તેમણે કહ્યું કે, તેઓ અધ્યાત્મની સાધનાને વધુ સઘન બનાવવા પ્રયાસ કરશે. આચાર્ય મહાશ્રમણજીએ કહ્યું કે, શ્રી આચાર્ય દેવવ્રતજીના વિચારો અને તેમની દાર્શનિક વાતો કલ્યાણકારી છે. દરેકે પોતાના આત્માના ઉત્થાન માટેના પ્રયત્નો કરતાં કરતાં અન્યના કલ્યાણ માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ પ્રસંગે મુખ્યમુની શ્રી મહાવીરકુમારજી, સાધ્વીપ્રમુખા શ્રી વિશ્રુતવિભાજી, તેરાપંથી સભા-જાલનાના મંત્રી શ્રી અનિલ સંચેતી અને આચાર્ય તુલસી મહાપ્રજ્ઞ વિચાર મંચના અધ્યક્ષ શ્રી રાજકુમાર પુગલીયાએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. સાધ્વી શ્રી વર્યાજી, જૈન શ્વેતાંબર તેરાપંથ મહાસભાના અધ્યક્ષ શ્રી મનસુખલાલ શેઠીયા, જાલના તેરાપંથ સભાના અધ્યક્ષ શ્રી સુનિલ શેઠીયા અને સાધુ-તપસ્વીઓ તથા ભક્તો આ અવસરે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# એરફોર્સ ફેમિલી વેલ્ફેર એસોસિયેશનના પ્રમુખ દ્વારા ઉમીદ નિકેતનનું ઉદઘાટન



એરફોર્સ ફેમિલી વેલ્ફેર એસોસિએશનના પ્રમુખ શ્રીમતી નીતા ચૌધરીએ ૧૭ મે, ૨૪ના રોજ બેઝ રિપેર ડેપો એરફોર્સ પાલમની મુલાકાત લીધી હતી અને વિશેષ જરૂરિયાતવાળા બાળકો માટે એક અદ્યતન ઉપચાર કેન્દ્ર ઉમીદ નિકેતન ઉદ્ઘાટન કર્યું હતું. શ્રીમતી નીતા ચૌધરી અને અન્ય આદરણીય મહાનુભાવોનું સ્વાગત એર કોમોડોર હર્ષ બહલ, એર ઓફિસર કમાન્ડિંગ, ડેપો અને વિંગ કમાન્ડર (શ્રીમતી) રીના બહલ (નિવૃત્ત) પ્રમુખ એરફોર્સ ફેમિલી વેલ્ફેર એસોસિએશન (લોકલ) દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉમીદ નિકેતન એક પોષક વાતાવરણ બનાવવા માટે કલ્પના કરવામાં આવી છે, જ્યાં વિશેષ જરૂરિયાતોવાળા બાળકો તેમની અનન્ય ક્ષમતાઓને અનુરૂપ મનોરંજક પ્રવૃત્તિઓ દ્વારા જીવન કૌશલ્યો વિકસાવવા માટે વિચારી, વૃદ્ધિ અને શીખી શકે છે. સંવેદનાત્મક સંશોધન, સ્પીચ થેરાપીથી માંડીને અનુકૂલનશીલ રમતો અને ઈન્ટરેક્ટિવ ઈમર્સિવ અનુભવ સુધી, આ કેન્દ્ર ખાસ બાળકોની શારીરિક, ભાવનાત્મક અને સામાજિક સુખાકારીને પ્રોત્સાહિત કરવા માટે રચાયેલ વિવિધ કાર્યક્રમો પ્રદાન કરે છે. ઉમીદ નિકેતન લગભગ ૫૫ વિશેષ સક્ષમ બાળકોને પૂરી કરશે, જેમને પ્રશિક્ષિત વિશેષ શિક્ષકોની સમર્પિત ટીમ દ્વારા મદદ કરવામાં આવે છે. ઉદ્ઘાટન ભવ્ય રીતે યોજાયું હતું અને તેમાં દેશભરના એરફોર્સ ફેમિલી વેલ્ફેર એસોસિયેશનના તમામ પ્રાદેશિક પ્રમુખોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત દિલ્હી વિસ્તારના તમામ સિનિયર એર માર્શલ્સના પતિ-પત્ની પણ આ હૃદયસ્પર્શી ઉદ્ઘાટનના સાક્ષી બનવા હાજર રહ્યા હતા. આ વિશેષ કાર્યક્રમ વાયુસેનાના પરિવારોના કલ્યાણ માટેની સુવિધાઓમાં સુધારો કરવા માટે આઈએએફની ચાલુ પ્રતિબદ્ધતાઓને રેખાંકિત કરે છે.

## તંત્રી સ્થાનેથી......

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના છઠ્ઠા તબક્કામાં ૮ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના ૮૮૯ ઉમેદવારો ચૂંટણી લડશે. આમાં જમ્મુ-કાશ્મીરના ૩-અનંતનાગ-રાજૌરી પીસી (સંસદીય મતવિસ્તાર)માં સ્થગિત મતદાન માટે ૨૦ ચૂંટણી લડનારા ઉમેદવારોનો સમાવેશ થાય છે. આ તબક્કામાં મતદાન માટે જઈ રહેલા ૭ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના ૫૭ પીસી માટે કુલ ૧૯૭૮ નામાંકન દાખલ કરવામાં આવ્યા હતા. તમામ ૦૭ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો (પીસી ૩- જમ્મુ-કાશ્મીરના અનંતનાગ-રાજૌરીમાં સ્થગિત મતદાનને બાદ કરતાં) માટે છઠ્ઠા તબક્કા માટે નામાંકન ભરવાની છેલ્લી તારીખ ૦૬ મે, ૨૦૨૪ હતી. દાખલ થયેલા તમામ ઉમેદવારીપત્રોની ચકાસણી બાદ ૯૦૦ ઉમેદવારીપત્રો માન્ય હોવાનું જણાયું હતું. ૩-અનંતનાગ-રાજૌરીમાં ફેઝ-૩માં કુલ ૨૮ ઉમેદવારીપત્રો ભરાયા હતા અને ૨૧ ઉમેદવારીપત્રો માન્ય હોવાનું જણાયું હતું. છઠ્ઠા તબક્કામાં ઉત્તર પ્રદેશમાં ૧૪ સંસદીય ક્ષેત્રોમાંથી સૌથી વધુ ૪૭૦ ઉમેદવારી ફોર્મ ભરાયા હતા, ત્યારબાદ હરિયાણામાં ૧૦ પીસીમાંથી ૩૭૦ નામાંકન થયા હતા. ઝારખંડની ૮-રાંચી સંસદીય બેઠક પર સૌથી વધુ ૭૦ ફોર્મ ભરાયા હતા, જ્યારે એનસીટી દિલ્હીમાં ૨-નોર્થ ઈસ્ટ દિલ્હી પીસીમાં ૬૯ નામાંકન ફોર્મ ભરાયા હતા. છઠ્ઠા તબક્કા માટે પીસીમાં ચૂંટણી લડનારા ઉમેદવારોની સરેરાશ સંખ્યા ૧૫ છે.

# ઈન્ટરનેશનલ મ્યુઝિયમ ડે ૨૦૨૪: ભુજમાં યોજાઈ હેરિટેજ વોક




ભુજ,તા.૧૮

આ વર્ષે ઈન્ટરનેશનલ મ્યુઝિયમ ડેની થીમ શિક્ષણ અને સંશોધન માટે સંગ્રહાલય રાખવામાં આવી છે ત્યારે કચ્છના ગાઈડ દ્વારા ભુજની આસપાસના હેરિટેજ સ્થળોમાં આલ્ફ્રેડ હાઈસ્કૂલ, હમીરસર તળાવ, મહાદેવ ગેટ, જૂની ટંકશાળ, નવી ટંકશાળ, મોહમ્મદ પન્ના મસ્જિદ, રામકુંડ, રજેન્દ્રબાગ, છતરડી જેવા સ્થળોની મુલાકાત કરાવીને તેના ઈતિહાસ વિષે માહિતી આપવામાં આવી હતી. ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ મ્યુઝિયમ દ્વારા સમાજના વિકાસમાં સંગ્રહાલયોની ભૂમિકા અંગે જાગૃતતા કેળવવા માટે વર્ષ ૧૯૭૭ માં ઈન્ટરનેશનલ મ્યુઝિયમ ડે ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારથી દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આજે આઈસીઓએમએ ૧૨૩ દેશો અને પ્રદેશોના મ્યુઝિયમ પ્રોફેશનલથી બનેલો આંતરરાષ્ટ્રીય એનજીઓ છે. જેનો એકમાત્ર ઉદેશ લોકોમાં જાગૃતિ કેળવવાના છે કે સંગ્રહાલયો સાંસ્કૃતિક વારસાના આદાન-પ્રદાન માટે એક મહત્વનું માધ્યમ છે.

ત્યારે કચ્છમાં ઈન્ટરનેશલ મ્યુઝિયમ ડેની ઉજવણી નિમિત્તે આજે શહેરના અનુભવી ગાઈડ દ્વારા ઐતિહાસિક સ્થળોનો પરિચય કરાવતી હેરિટજ વોકનું આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છના મુખ્ય મથક ભુજમાં આવેલા પ્રાચીન કચ્છ મ્યુઝીયમની સાથે જોડાઈને કચ્છના અનુભવી ગાઈડ સે હેરિટેજ વોકનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરીજનોએ ભાગ લીધો હતો. કચ્છ સંગ્રહાલયના ક્યુરેટર બુલબુલબેન હિંગ્લાજીઆ દ્વારા સૌ પ્રથમ ભુજમાં આવેલા કચ્છ મ્યુઝિયમાંથી લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા અને મ્યુઝિયમ ડે વિશે માહિતી આપીને હેરિટેજ વોકને લીલી ઝંડી બતાવી હતી. ત્યારબાદ કચ્છના અનુભવી ગાઈડ એવા રાજેશભાઈ માકડ અને દિનેશભાઈ મચ્છર દ્વારા હેરિટેજ વોકમાં શહેરીજનોને ભુજની આસપાસના ઐતિહાસિક સ્થળોની મુલાકાત કરાવીને તેના વિશેની જાણકારી આપવામાં આવી હતી.

# રાષ્ટ્રીય બાળ આયોગના આદેશ બાદ રાજ્યની તમામ મદરેસામાં સર્વેની કામગીરી શરૂ



અમદાવાદ,તા.૧૮

ગુજરાત રાજ્યમાં ચાલી રહેલા તમામ મદરેસાઓને લઈને એક મોટી ખબર સામે આવી છે, રાજ્યની તમામ મદરેસામાં સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે, લગભગ હાલમાં ૧૧૦૦ મદરેસા કાર્યરત છે. રાષ્ટ્રીય બાળ આયોગના આદેશ બાદ રાજ્યમાં આ સર્વેની કામગીરીમાં હાથ ધરવામાં આવી છે, જેમાં મદરેસાના બાળકોની ચકાસણી અને મેપિંગની કામગીરી કરવામાં આવશે. આ સર્વેમાં મદરેસાના સંચાલકનું નામ, ટ્રસ્ટ અને સંસ્થાનું નામ આપવા સૂચના અપાઈ છે. કઈ સંસ્થાની મંજૂરી મળી છે, અભ્યાસનો સમય શું છે તે અંગે પણ માહિતી આપવા સૂચનાઓ છે. ૧૧ જેટલા મુદ્દાઓની તપાસ કરીને માહિતી આપવા સૂચના આપવમાં આવી છે. રાજ્યના તમામ ડીઈઓને આ મહત્વપૂર્ણ કામગીરી સોંપાઈ છે. હાલમાં રાજયમાં ૧૧૦૦ મદરેસાઓ કાર્યરત છે.

# વલસાડજિલ્લામાંઆગામી પાંચ દિવસ તાપમાન ૪૩ થી ૪૫ ડિગ્રી સુધી જવાનીઆગાહી

## હવામાન વિભાગ દ્વારા તા. ૧૮ મે ના રોજ ઓરેન્જ એલર્ટ જાહેર કરાયુ



### “વારંવાર પાણી પીશું ગરમીથી બચીશું” સંદેશને મહત્તમ લોકો સુધી પહોંચાડવા તંત્રની અપીલ

### લાંબો સમય તડકામાં ન રહેવું, ઠંડક વાળા સ્થળો પર સમયાંતરે આરામ કરવા સહિતના સૂચન કરાયા

વલસાડ,

હવામાન વિભાગ દ્વારા આજ રોજ તા. ૧૮ મે ૨૦૨૪ના રોજ “ઓરેન્જ એલર્ટ” જાહેર કરવામાં આવ્યું છે એટલે કે તાપમાન ૪૩ ડિગ્રી થી ૪૫ ડિગ્રીની વચ્ચે રહેવાની શક્યતા છે તેમજ આગામી પાંચ દિવસ તા. ૨૨ મે ૨૦૨૪ સુધી મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રીની આસપાસ રહેવાની આગાહી છે. આ પરિસ્થિતિમાં વલસાડ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે કે, જરૂર પડ્યે બહાર જતી વખતે પાણીની બોટલ સાથે રાખવી, પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી પીવુ જોઈએ જેમ કે, પાણી, લીંબુ શરબત, છાશ, નાળિયેર પાણી, O RS અથવા અન્ય પ્રવાહીનું સેવન કરવું, તાજા ફળો અને શાકભાજી ખાવા જોઈએ, તીખુ ખાવાનું ટાળો તેમજ આહારમાં વધુ પડતું પ્રોટીન અને વાસી ખોરાક લેવાનું ટાળો, ચા કોફી અને સોડા વાળા પીણાં પર નિયંત્રણ રાખો. બહાર જતી વખતે છત્રી/ટોપી/સ્કાર્ફ સાથે રાખવું જોઈએ. લાંબો સમય તડકામાં ન રહેવું, આછા રંગના તેમજ ઢીલા સુતરાઉ કપડાં પહેરવાં. કામ કરતી વખતે થોડા થોડા સમયે વિરામ લેવો જોઈએ, અને ઠંડક વાળા સ્થળો પર સમયાંતરે આરામ કરવો. નાના બાળકો, વૃદ્ધો અને સગર્ભા સ્ત્રીઓનું ખાસ ધ્યાન રાખવું. ”વારંવાર પાણી પીશું, ગરમીથી બચીશું ” આ સંદેશને મહત્તમ લોકો સુધી પહોંચાડવા આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત વલસાડ દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

હિટવેવને કારણે થતી શારીરિક અસરોના લક્ષણો

- ●ગરમીની અળાઈઓ
- ●ખુબ પરસેવો થવો અને અશક્તિ લાગવી.
- ●માથાનો દુઃખાવો,ચક્કર આવવા.
- ●ચામડી લાલ-સુકી અને ગરમ થઈ જવી.
- ●સ્નાયુઓમાં દુ:ખાવો અને અશક્તિ આવવી.
- ●ઉબકા અને ઉલ્ટી થવી.

# “રાજયના નાગરિકોને શુદ્ધ-સલામત ખાદ્ય ચીજ વસ્તુઓ મળી રહે તે માટે રાજય સરકારના સતત પ્રયત્નો”

●કમિશનર ડો. એચ. જી. કોશિયાએ જણાવ્યું છે કે, રાજ્યના નાગરિકો ની જીવન જરૂરી ખાદ્ય ચીજ વસ્તુઓ શુદ્ધ અને ગુણવત્તા યુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત કટિબદ્ધ છે.

રાજ્યમાં ખાદ્યચીજોના નમુનાનું પરીક્ષણ કરી કાયદાનું ભંગ કરતાં તત્વો સામે કાયદાકિય કાર્યવાહી કરવામાં આવે છે.

●ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, નડિયાદ કચેરીને મુ. ગોબલજ, તા. ખેડા જિ. ખેડા ખાતે તા. ૧૪-૦૬-૨૦૨૨ ના રોજ રૂટીન તપાસ દરમિયાન લેબલીંગ ની મિસ્ટેકવાળા ઈમ્પોટેડ ફ્રોઝન ઓરેંજ પલ્પ ના સ્ટોરેજ પેઢી કોલ્ડ મેન લોજીસ્ટીક પ્રા. લી. ને. હાઈવે નં. ૮, મુ. પો. બીડજ તા જી. ખેડામાં પેઢી હિન્દુસ્તાન કોકા-કોલા બેવરેજીસ પ્રા. લી., મુ. ગોબલેજ તા. માતર જી. ખેડા નો ઈમ્પોર્ટ કરાયેલા ઈનગ્રેડીયેન્ટસ (ફ્રોઝન ઓરેન્જ પલ્પ-પીસ રીવર બ્રાંડ-૨૦ કિગ્રા. પેક બોક્સ ૬ ૪૦૦ બોક્સ = ૮૦૦૦ કિગ્રા) નો જથ્થો સંગ્રહ થયેલ છે તેવુ જોવા મળેલ. નડિયાદ-ખેડા કચેરી ના ડેઝીગ્નેટેડ ઓફિસર અને ફુડ સેફટી ઓફિસરો દ્વારા સંયુક્ત પણે સફળ રેડ કરી શંકાસ્પદ ખાદ્ય પદાર્થના નમુના લેવાની કામગીરી કરવામાં આવેલ હતી. જે અન્વયે, મે. હિન્દુસ્તાન કોકા-કોલા બેવરેજીસ પ્રા. લી. નામની પેઢીના નોમીની અભિષેક પ્રેમપ્રકાશ અગ્રવાલ ની હાજરીમાં નમુનો લેવામાં આવેલ હતો. આ અંતર્ગત આશરે ૮૦૦૦ કિલોગ્રામ નો જથ્થો કે જેની અંદાજીત કિંમત રૂ.૧૧ લાખ થાય છે, તે શંકાસ્પદ જથ્થો સ્થળ ઉપર કાયદા મુજબ જપ્ત કરવામાં આવેલ હતો.

●આ નમૂનો ફુડ એનાલીસ્ટ શ્રી, ભુજ ને નિયમાનુસાર ચકાસણી અર્થે મોકલી આપવામાં આવેલ જે તા.૦૮/૦૮/૨૦૨૨ ના રોજ મીસબ્રાન્ડેડ જાહેર કરવામાં આવેલ.

●સદર બાબતે કેસ ને લગતી તમામ માહિતી મેળવી તા. ૦૪/૧૧/૨૦૨૩ ના રોજ એડ્જ્યુડીકેટીંગ ઓફિસર શ્રી, ખેડા (નડિયાદ) સમક્ષ ફુડ સેફટી ઓફિસર દ્વારા કુલ પાંચ ઈસમો સામે ફરિયાદ દાખલ કરવામાં આવેલ.

●જે બાબતે તાજેતરમાં એડ્જ્યુડીકેશન ઓફિસર શ્રી દ્વારા ગુના ની ગંભીરતા ને ધ્યાને લેતા તમામે તમામ પાંચે ઈસમો ને કાયદાની જોગવાઈ મુજબ મહત્તમ દંડ કરવામાં આવેલ જે કુલ દંડ રૂ. ૧૫,૦૦,૦૦૦/- (રૂપિયા પંદર લાખ) નો કરેલ છે.

●વધુમાં સદર પેઢી દ્વારા અગાઉ વર્ષ ૨૦૨૧ માં પણ આ પ્રકારની ગુનો કરતા ફરિયાદ દાખલ કરવામાં આવેલ, જે અંગે પણ તેઓને એડ્જ્યુડીકેશન ઓફિસર દ્વારા તા. ૩૧/૧૨/૨૦૨૧ ના હુકમથી કુલ ૮,૦૦,૦૦૦/- (રૂપિયા આઠ લાખ) નો દંડ કરવામાં આવેલ હતો.

●આજ દિન સુધી માં સબસ્ટાન્?ડર્ડ/મિસબ્રાંડેડ જાહેર થયેલા ખાદ્યપદાર્થના નમુના માં રૂ ૩૭ કરોડ થી પણ વધુનો દંડ રાજ્યના વિવિધ જીલ્લાના એડ્જ્યુડીકેશન ઓફિસર શ્રી દ્વારા જે તે ખોરાક વિક્રેતા/ઉત્પાદકોને ફટકારવામાં આવેલ છે.

# વડોદરામાં ચોરનો આતંક; વૃધાના કાનમાં સોનાની બુટ્ટીઓ પહેરેલ જમણો કાન કાપીને લઈ ગયા




વડોદરા, તા. ૧૮


વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ડભાસા ગામમાં મધરાત્રે બે લુંટારા ત્રાટક્યા હતા અને ઘરમાં પોતાના રૂમમાં નિદ્રાધીન વૃદ્ધાનું ગળું દબાવી દાગીના લુટી લીધા હતા તે ઉપરાંત વૃધ્ધાએ જમણા કાનમાં પહેરેલા દાગીના ન નિકળતા લૂટારા કાન કાપીને લઈ ગયા હતા. મોડી રાત્રે બનેલા બનાવને પગલે ગામમાં સનસનાટી મચી ગઈ હતી આ બનાવ અંગે પાદરા પોલીસે તપાસ શરૂ કરી છે. પાદરા તાલુકાના ડભાસા ગામમાં ૬૦ વર્ષીય મધુબેન શાંતિલાલ સોલંકી પરિવાર સાથે રહે છે. ત્રણ રૂમના મકાનમાં મધુબેન પોતાના રૂમમાં સુઈ ગયા હતા. જ્યારે તેમનો પુત્ર કિરણ, પુત્ર વધુ શકુબેન અને પૌત્ર કૌશિક અન્ય રૂમમાં સૂઈ ગયા હતા. દરમિયાન રાત્રે ૨:૦૦ વાગ્યાના સમયે બે લુટારા મકાનના પાછળના દરવાજેથી ઘરમાં ઘૂસ્યા હતા અને નિદ્રાધીન વૃદ્ધાનું ગળું દબાવીનૃ તેઓના શરીર પરના દાગીના લૂંટી લીધા હતા. ઉપરાંત કાનમાં પેરેલ દાગીના સાથેનો કાન કાપીને લઈ ગયા હતા. મધરાતે બનેલા આ બનાવની જાણ પરિવારજનોને થતા પરિવારજનો પણ ગભરાઈ ગયા હતા અને આ આની જાણ પાદરા પોલીસને કરવામાં આવતા પાદરા પોલીસ મથકના પીઆઈ એલ.બી.તડવી પોતાના સ્ટાફ સાથે દોડી આવ્યાં હતા. તે સાથે ડીવાયએસપી બી.એચ.ચાવડા પણ દોડી આવ્યાં હતા. અને વિગતો મેળવી હતી. સમગ્ર પંથકમાં હાહાકાર મચાવી મૂકનાર આ બનાવ અંગે એલ.સી.બી. પીઆઈ કૃણાલ પટેલે અલગ અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરી છે. બીજી બાજુ વહેલી સવારે આ બનાવની જાણ ગામમાં પ્રસરી થતાં ગામના લોકો અને ફળિયાના લોકો દોડી આવ્યા હતા. પાદરા પોલીસ દ્વારા લૂંટારોના સગડ મેળવવા માટે ડોગ સ્ક્વોડ અને ફિંગરપ્રિન્ટ નિષ્ણાતોની મદદ લઈને તપાસનો દોર શરૂ કર્યો હતો. પરંતુ હજી સુધી પોલીસને લૂંટારા અંગેના કોઈ સબુત મળ્યા નથી. પાદરા પોલીસ મથકમાં ભોગ બનેલા મધુબેન સોલંકીએ નોધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે બે લૂંટારા ઘરમાં ઘૂસી આવ્યા હતા અને ગળુ દબાવી સોનાના વીટલા ૬ નંગ, નખલી ૨ નંગ, કુલ મળીને રૂપિયા ૨ લાખ રૂપિયાની કિંમતના ૪ તોલા સોનાના દાગીના લુંટી લીધા હતા. અને જમણા કાનમાં પહેરેલ સોનાના ૩ સોનાની નખલી અને સોનાની બુટ્ટી લૂંટારાથી ન નિકળતા તેઓ કાન કાપીને લઈ ગયા હતા. લૂંટારા લૂંટ ચલાવીને ભાગી રહ્યા હતા તે દરમિયાન બુમરાણ કરતા પુત્ર કિરણ, પુત્રવધુ શકુબેન અને પૌત્ર કૌશિક દોડી આવ્યા હતા. પરંતુ તેઓ મારા રૂમમાં આવે તે પહેલા લૂંટારા ફરાર થઈ ગયા હતા.



લોકસભા ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત ઉત્તરપ્રદેશ રાજ્યની સુલ્તાનપુર લોકસભા ચૂંટણી અંતર્ગત સુલ્તાનપુર લોકસભા મધ્યસ્થ કાર્યાલય ખાતે લોકસભાના ઉમેદવાર શ્રી મેનકા ગાંધીજીની ઉપસ્થિતમાં ૧૯૦-લમ્ભુઆ વિધાનસભાના કાર્યકર્તા સાથે પરિચય બેઠક કરી હતી તથા તારીખ ૧૮ મેના સવારે લમ્મુઆ ભાજપા મંડલ કાર્યાલય મધ્યે મંડલ હોદેદાર શ્રીઓ,શકિતકેન્દ્ર સંયોજક સાથે બેઠક કરીને વધુમાં વધુ મતદાન કરવાનું આયોજન કરીને હર બુથ પર ભાજપા તરફ વધુમાં વધુ મતદાન કરીને હર કિમતી વોટ ભારતના વિકાસ પથ આગળ વધાવવા સહયોગ કરવા અપીલ કરી હતી. આ ચુંટણી પ્રચારમાં મુન્દ્રા-ગાંધીધામના પૂર્વ ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી,સુલ્તાનપુર જિલ્લા ભાજપ મહામંત્રી શંભૂસિહ આશિષજી,અયોધ્યાના કોર્પોરેટર અને વિધાનસભા સંયોજક વર્મા જી,વિધાન સભા પ્રભારી કે.કે.જયસવાલ,લમ્મુઆ વિધાનસભાના રતિપાલ ત્રિવારી,અયોધ્યા વર્માજી,શિવાકાન્ત મિશ્રા,સંતોષભાઈ મિશ્રા,વાંજરાવત ત્રિવારી,સ્વામીનાથ દુબે,રમેશભાઈ દુબે તથા વિધાનસભા ક્ષેત્રના કાર્યકર્તાઓ જોડયા હતા.

# ડાંગ જિલ્લામાં પ્રિ-મોન્સૂન અને મોન્સૂન દરમિયાનની કામગીરી સંદર્ભે જિલ્લા અધિકારીઓને એલર્ટ મોડમાં રહેવાની સૂચના

## સંબંધિત વિભાગના અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપતા કલેક્ટર શ્રી મહેશ પટેલ



આહવા

ડાંગ જિલ્લા કલેક્ટર શ્રી મહેશ પટેલે જિલ્લામાં પ્રિ-મોન્સૂન પ્રિપરેશન અને મોન્સુન દરમિયાન હાથ ધરવાની કાર્યવાહીથી સંબંધિત વિભાગોના અધિકારીઓને એલર્ટ મોડમાં રહેવાની સૂચના આપી હતી. પ્રિ-મોન્સૂન અંગેની આપાતકાલિન બેઠક દરમિયાન, સંભવિત વરસાદ કે વાવાઝોડાની સંભવિત સ્થિતિ, નુકસાન વિગેરે સામે હાથ ધરવાની પુર્વ તૈયારીઓની કલેકટરશ્રીએ વિસ્તૃત ચર્ચા હાથ ધરી હતી. આ બેઠકમાં તમામ વિભાગોની ડિઝાસ્ટરને લગતી બાબતો અદ્યતન કરવા, જિલ્લા કક્ષાનો કન્ટ્રોલ રૂમ ૨૪/૭ કાર્યરત રાખવા, કચેરીઓમાં ઉપલબ્ધ સાધનો વર્કિંગ કન્ડીશનમા રાખવા, કલેકટરશ્રીની પુર્વ મંજુરી વિના હેડ કવાર્ટર નહિ છોડવા, માનવ અને પશુ મૃત્યુના કેશમાં તાત્કાલિક સહાયની કાર્યવાહી હાથ ધરવા, વીજ પોલ, નડતરરૂપ ઝાડ દૂર કરવા, તરવૈયાની યાદી અપડેટ કરવા, ગટરની સાફ, સફાઈ તેમજ વરસાદી પાણીનો યોગ્ય નિકાલ, ડેમના નિચાણવાળા ગામોની યાદી તૈયાર, નદિ નાળા ઉપર સાઈન બોર્ડ, નબળા પુલોની મરામત, જિલ્લાના ભયજનક સ્થળોએ હોમગાર્ડની તૈનાતી, ભારે વરસાદ કે વાવાઝોડાની સ્થિતિમાં સ્થળાંતર કરવાની જરૂર પડે તો આશ્રય સ્થાનોની ઉપલબ્ધતા, અનાજનો જત્થો, આરોગ્ય સેવા, રાહત બચાવ ટુકડીઓની યાદી-સંપર્ક નંબર, તેમજ તલાટી-ગ્રામ સેવક, તાલુકા કક્ષાએ સ્થાનિક આગેવાનો-સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે બેઠક યોજી જરૂરી તૈયારી કરી લેવા અંગેના મુદ્દાઓની છણાવટ કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર શ્રી મહેશ પટેલે તમામ વિભાગના અધિકારીઓને પોતાના વિભાગના કર્મચારીઓ સાથે આંતરિક બેઠક યોજી, યોગ્ય સંકલન કરી, આડોસ પાડોશ અને હેઠવાસના જિલ્લા સહિત મહારાષ્ટ્ર રાજયના અધિકારીઓ સાથે પણ સંપર્કમાં રહેવા અનુરોધ કર્યો હતો. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી રાજ સુથાર, જિલ્લા પોલીસ વડા શ્રી યશપાલ જગાણીયા, અધિક નિવાસી કલેક્ટર શ્રી બી. બી. ચૌધરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી શિવાજી તબિયાર, ઉત્તર ડાંગ વન વિભાગના નાયબ વન સંરક્ષક શ્રી દિનેશ રબારી, પ્રાંત અધિકારી શ્રી સાગર મોવાલિયા સહિતના જિલ્લા અધિકારીઓએ ઉપસ્થિત રહી ચર્ચામાં ભાગ લીધો હતો.

# અમદાવાદના દરિયાપુરમાં મદરેસાનો સરવે કરવા ગયેલા આચાર્ય પર ટોળાએ કર્યો હુમલો

અમદાવાદ, તા. ૧૮

અમદાવાદમાં મદરેસાના સરવે દરમિયાન હુમલાની નીંદનીય ઘટના સામે આવી છે. દરિયાપુરમાં આવેલા સુલતાન મહોલ્લામાં સરવે કરવા ગયેલા આચાર્ય પર ટોળાએ હુમલો કર્યો હતો. આચાર્ય બાપુનગરની સ્મૃતિ સ્કૂલ વિદ્યાલયમાં ફરજ બજાવે છે. આચાર્ય મદરેસા બંધ હોવાથી પુરાવારૂપે ફોટો લઈ રહ્યા હતા એ સમયે ફોટો પાડી રહેલા આચાર્ય પર ટોળાએ હુમલો કર્યો હતો. શિક્ષણ વિભાગના આદેશને પગલે આચાર્ય સરવે કરવા પહોંચ્યા હતા. રાજ્ય શિક્ષણ વિભાગના આદેશ બાદ રાજ્યની ૧૧૨૮ મદરેસાઓમાં સર્વે હાથ ધરાયો છે. એ પૈકી કેટલીક મદરેસાઓમાં સહકાર ન મળી રહ્યો હોવાની વિગતો પણ સામે આવી રહી છે. આ સમયે દરિયાપુરમાં સુલતાન મહોલ્લામાં આવેલી મસ્જિદમાં સરવે માટે ટીમ ગઈ એ સમયે એકાએક ટોળુ એકત્રિત થઈ ગયુ હતુ. અને તેમણે શિક્ષક પર હુમલો કર્યો હતો. આ ઘટના બાદ અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી, ભોગ બનનાર શિક્ષક અને આચાર્ય મંડળના સભ્યોએ દરિયાપુર પોલીસ સ્ટેશને જઈ ટોળા સામે ફરિયાદ નોંધાવી છે.





અનેક જગ્યા પર એવી પણ બાબતો સામે આવી છે કે મદરેસાના સંચાલકો સહકાર નથી આપી રહ્યા, આ ઉપરાંત આજુબાજુના લોકો મોટી સંખ્યામાં એકઠા થઈ જાય છે અને ડરનો માહોલ બનાવવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે. શિક્ષકોને અગાઉથી જ સૂચના આપવામાં આવેલી છે કે તેઓ જ્યાં સરવે માટે પહોંચે ત્યાં મસ્જિદ બંધ હોય તો તેનો ફોટો પાડવો. દરિયાપુરમાં આ જ સૂચનને અનુસરતા શિક્ષક ફોટો પાડી રહ્યા હતા તે સમયે જ શરૂઆતમાં ૪,૫ લોકો અને જોતજોતામાં ૧૦૦ જેટલા લોકોનું ટોળુ એકત્રિત થઈ ગયુ હતુ અને ટોળાએ શિક્ષક પર હુમલો કર્યો હતો. હાલ પોલીસે સુલતાન મહોલ્લા વિસ્તારમાં આવેલી મસ્જિદ અને આસપાસના સીસીટીવી મેળવી તપાસ હાથ ધરી છે. મસ્જિદના સંચાલકો અને સ્થાનિક અગ્રણીઓ પાસેથી પણ પોલીસ ઘટના અંગે જાણકારી મેળવી રહી છે. જેમા હુમલા કરનારા તોફાની તત્વો અંગે વિગતો મેળવવાની તજવીજ હાથ ધરાઈ છે. સ્થાનિક અગ્રણીઓ દ્વારા જાણવા મળ્યુ છે કે આ પ્રકારે ડાયરેક્ટ ટીમ સરવે કામગીરી માટે પહોંચી જતા લોકોની લાગણી દુભાતી હોય છે. આ અંગે જો વકફ બોર્ડને સૂચના આપવામાં આવે અને ત્યારબાદ બોર્ડની સૂચના બાદ સરવે કામગીરી કરવામાં આવે તો ચોક્કસથી પૂરતો સહકાર મળી રહે. એકજ દિવસમાં સરવેની કામગીરી પૂર્ણ કરી વિગતો એકત્ર કરવાની હોવાથી વકફ બોર્ડનો સંપર્ક કરવાનો પ્રયાસ પણ સરવે ટીમ દ્વારા કરાઈ રહ્યો છે.

## હરિયાણાના નૂંહમાં ટૂરિસ્ટ બસમાં આગ લાગવાથઈ મોટી દુર્ઘટ્ના, ૮ મુસાફરોના મોત

નૂંહ,તા. ૧૮

હરિયાણાના નૂંહમાં એક ટૂરિસ્ટ બસમાં આગ લાગવણો ભયાનક બનાવ બન્યો હતો. નૂંહ જિલ્લાના તાવડુ સબડિવિઝન પાસે પસાર થતા કુંડલી માનેસર પલવલ એક્સપ્રેસ વે પર આ દુર્ઘટના બની હતી. ટૂરિસ્ટ બસમાં લગભગ ૬૦ લોકો મુસાફરી કરી રહ્યા હતા, જેમાંથી ૮ લોકોના મોત થયા છે અને ૨૪ લોકો ઘાયલ હોવાનું જાણવા મળ્યું છે. આ દુર્ઘટના રાત્રે લગભગ ૧.૩૦ વાગે બની હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી શરૂ કરી છે તેમજ ઈજાગ્રસ્તોને સારવાર હેતુ હોસ્પિટલમાં ખસેડાયાં છે. માહિતી મુજબ વધુ એક ઘાયલ વ્યક્તિનું મોત નિપજતાં મૃત્યુઆંક ૯ થયો છે. આ ટૂરિસ્ટ બસમાં મુસાફરી કરી રહેલા શ્રદ્ધાળુઓ (મુસાફરો) ધાર્મિક સ્થળોના દર્શનાર્થે નીકળ્યા હતા અને વારાણસી અને વૃંદાવનથી પરત ફરી રહ્યા હતા. બસમાં અચાનક આગ ફાટી નીકળી હતી, ફાયર બ્રિગેડ આગ ઓલવવા માટે ઘટ નાસ્થળે પહોંચી હતી પરંતુ તે પહેલા જ સ્થાનિક લોકોએ આવીને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. ગ્રામજનો અને ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી. અકસ્માતનો ભોગ બનેલા લોકો પંજાબ અને ચંદીગઢના રહેવાસી હોવાનું તપાસમાં જાણવા મળ્યું છે. પોલીસે આ ઘટના બાબતે કાર્યવાહી પણ શરૂ કરી છે, તેમજ આ ઘટના બાબતે ત્યાં હાજર ગ્રામજનોએ જણાવ્યું હતું કે, આગની જ્વાળા ફાટી નીકળી ત્યારે બસનો પીછો કરી જાણ કરવાનો પ્રયત્ન કરી રહ્યાં હતા. બસને રોકવા માટે પણ કહ્યું હતું. ડ્રાઈવરને આગની જાણ થતાં બસને રોકી હતી. પરંતુ ત્યાં સુધીમાં બસમાં સવાર લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા, જેમાંથી ૮ મુસાફરોના મોત થયા હતા. આ પછી તાવડુ સદર પોલીસ સ્ટેશને એમ્બ્યુલન્સ બોલાવી અને ઘાયલોને હોસ્પિટલ મોકલવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.



## "રાજયના નાગરિકોને શુદ્ધ ખાદ્ય ચીજવસ્તુઓ મળી રહે તે માટેરાજય સરકાર કટીબદ્ધ"

**"બોડેલી-છોટા ઉદેપુર ખાતે મરચા પાવડરમાં અખાદ્ય કલર અને ઓલીયો રેઝીનની ભેળસેળ કરતી ફેક્ટરીનો પર્દાફાશ કરતું ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગુજરાત."- રાજ્યના કમિશ્નર ડો. એચ. જી કોશિયા.**



●કમિશનર ડૉ. એચ. જી. કોશિયાએ જણાવ્યું છે કે, રાજ્યના નાગરિકોની જીવનજરૂરી ખાદ્ય ચીજવસ્તુઓ શુદ્ધ અને ગુણવત્તાયુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત કટીબદ્ધ છે. રાજ્યમાં ખાદ્યચીજોના નમુનાનું પરીક્ષણ કરી ભેળસેળ કરતાં તત્વો સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

●શ્રી કોશિયા એ ઉમેર્યું કે, તાજેતરમાં ગાંધીનગરની ફૂડ ટીમ તથા છોટા ઉદેપુર જિલ્લાની ફૂડ ટીમ દ્વારા હલકી કક્ષાનાં મરચાં પાવડરમાં અખાધ્ય કલર તથા ઓલીયો રેઝીનની થતી ભેળસેળ નું કૌભાંડ પકડી પાડેલ છે.

સદર કૌભાંડ આચરનાર વેપારી ખત્રી મયુદીનભાઈ નુરમોહંમદભાઈ ફૂડ સેફ્ટી પરવાનો મેળવ્યા વગર સર્વે નં- ૪૩/૨ પૈકી ૧ વાળી જમીનમાંથી ૨૫૦૦ ચોરસ ફૂટમાં તૈયાર કરેલ શેડ (કારખાનું), મુ. જોજવા, તાઃ બોડેલી, જીઃ છોટા ઉદેપુર ની પ્રાથમિક તપાસ દરમિયાન સ્થળ ઉપર મરચાં પાવડરનું ઉત્પાદન થતુ જોવા મળી આવેલ હતુ. આ પેઢી માં સઘન તપાસ હાથ ધરતા મરચા પાવડરમાં અખાધ્ય કલર તથા ઓલીયો રેઝીનની થતી ભેળસેળ થતી હોવાનું પ્રથમિક દ્રષ્ટીએ માલુમ પડેલ હતું. તપાસ દરમિયાન સ્થળ પર "અખાધ્ય લાલ કલર "નો ૨૫ કિલોગ્રામ જથ્થો તથા "Capsicum Oleo-resin" નો ૦૯ કિલોગ્રામ જથ્થો સ્થળ પર જ હાજર સ્ટોક માં પકડી પાડેલ છે. વેપારી ધ્વારા મરચાં પાવડર એક્સ્ટ્રા હોટ તેજા મરચું અને કાશ્મીરી કુમઠી (મોળુ મરચું ) લેબલથી પેક કરતા હતા જેના પર કાયદા મુજબ બેચ નમ્બર, પેકીંગ તારીખ, ઉત્પાદકનું સરનામું કે અન્ય કોઈ માહિતી છાપેલ ન હતી, તથા લૂઝમાં મરચા પાવડરનો જથ્થો માનવ વપરાશ અર્થે તૈયાર કરી સંગ્ર્હ કરેલ હતો, વધુમાં સ્થળ પરથી કાશ્મીરી કુમઠી (મોળુ મરચુ) (પેક)-૦૧, એક્સ્ટ્રા હોટ તેજા મરચું પેક-૦૧, ખાડેલુ મરચું પાવડર-૦૧, મરચા પાવડર- 01, Capsicum Oleo-resin 10%os-(Adulterant use in chilli Powder)- 01,અને Red colour(adulterant used in chilli powder)-01 મળીને કુલ-૦૬ કાયદેસરના નમૂનાઓ લઈ પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલી આપેલ છે જ્યારે બાકીનો આશરે ૪૦૨૭ કિલોગ્રામ જથ્થો જેની અંદાજીત કિંમત રૂ. ૬,૨૦,૦૦૦ /- (અંકે રૂ. છ લાખ વીસ હજાર પુરા) થવા જાય છે તે જથ્થો કાયદા મુજબ જપ્ત કરવામાં આવેલ છે.

●આ ખાદ્ય પદાર્થો બિન-આરોગ્યપ્રદ હોઈ તેમનો પૃથ્થકરણ અહેવાલ આવ્યા બાદ કાયદેસરની કોર્ટ કાર્યવાહી કરવામાં આવશે તેમજ આ બાબતમાં આગળની ઝીણવટભરી તપાસ ચાલી રહી છે.

## ટી-૨૦ વર્લ્ડ કપ પહેલા વિરાટ કોહલી નો નવો લુક સામે આવ્યો



મુંબઈ, તા. ૧૮

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી આવતા મહિને વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકામાં યોજાનાર ટી-૨૦ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમ સાથે જોડાવા જઈ રહ્યો છે. જોકે હાલમાં તે આઈપીએલમાં વ્યસ્ત છે. આઈપીએલ ૨૦૨૪ ની મહત્વપૂર્ણ મેચ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે રમાશે, જે પણ ટીમ આ મેચ જીતશે તેને પ્લેઓફની ટિકિટ મળશે. જો કે, મેચ દરમિયાન વરસાદની સંભાવના છે, તેથી જો વરસાદને કારણે મેચ પૂર્ણ થઈ શકતી નથી, તો ચેન્નાઈ સુપર કિંગ્સ એક પોઈન્ટ લઈને પ્લેઓફ માટે ક્વોલિફાઈ કરશે. આ દરમિયાન વિરાટ કોહલીની નવી હેરસ્ટાઈલ વાળો લુક ખૂબજ વાયરલ થઈ રહ્યો છે. આઈપીએલ ૨૦૨૪ માં વિરાટ કોહલી શાનદાર ફોર્મમાં છે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર તરફથી રમતા વિરાટ કોહલીએ ૧૩ મેચમાં ૧૫૫ના સ્ટ્રાઈક રેટથી ૬૬૧ રન બનાવ્યા છે. આ સિઝનમાં કોહલીએ એક સદી અને પાંચ અડધી સદી ફટકારી છે. ૬૦૦થી વધુ રન બનાવનાર તે એકમાત્ર બેટ્સમેન છે. વિરાટ કોહલીને IPLમાં ૮૦૦૦ રન પૂરા કરવા માટે વધુ ૭૬ રનની જરૂર છે. અન્ય કોઈ ખેલાડીએ ટી૨૦ લીગમાં ૭૦૦૦ રન પણ બનાવ્યા નથી. એક ખિલાડી ક્રિકેટર હોવા ઉપરાંત વિરાટ કોહલીએ ફેશનની દુનિયામાં ઘણું નામ કમાવ્યું છે. વિરાટ કોહલીને સૌથી સ્ટાઈલિશ ભારતીય ક્રિકેટરોમાંથી એક ગણવામાં આવે છે. તેની હેરસ્ટાઈલને લઈને ઘણી ચર્ચા થઈ રહી છે. સેલિબ્રિટી સ્ટાઈલિશ આલીમ હકીમે વિરાટ કોહલીની નવી હેરસ્ટાઈલની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે. માત્ર કોહલી જ નહીં, હકીમ એમએસ ધોનીની હેરસ્ટાઈલ પણ કરે છે. આલીમ હકીમે એક ઈન્ટરવ્યુ દરમિયાન જણાવ્યું હતું કે તે વાળ કપાવવા માટે કેટલો ચાર્જ લે છે. તેણે એ વાતનો ખુલાસો નથી કર્યો કે તે કોહલી અને ધોની પાસેથી કેટલો ચાર્જ લે છે પરંતુ કહ્યું કે તે ૧ લાખ રૂપિયાથી શરૂ થાય છે.

### પોલીસે સીસીટીવી ના આધારે તપાસ શરૂ કરી

# ત્રણ મહિલાઓ દુકાનમાંઆવી માલિકની નજર ચૂકવી સાડીઓની ચોરી કરી ફરાર થઈ ગઈ



સુરત,તા. ૧૮

સુરતમાં આવેલ નાના વરાછા વિસ્તારમાં શ્યામધામ સોસાયટીમાં કાપડની દુકાનમાં ત્રણ મહિલાઓ આવીને દુકાન માલિકની નજર ચૂકવી સાડીઓની ચોરી કરી ફરાર થઈ ગઈ હોવાની ઘટના બની હતી. આ સમગ્ર મામલે દુકાનદારે સરથાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે અને આ ચોરીની ઘટના ના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે પોલીસ એ સીસીટીવી ફૂટેજ ના આધારે તપાસ શરૂ કરી છે. આ ઘટનામાં નાના વરાછા વિસ્તારમાં શ્યામધામ સોસાયટીમાં ૪૦૧ નંબરની પલ ડ્રેસીસ નામની કાપડની દુકાનમાં ત્રણ જેટલી મહિલાઓ દુકાનદારની નજર ચૂકવી સાડીઓની ચોરી કરતી સીસીટીવી ફૂટેજમાં કેદ થઈ છે, દુકાનની અંદર મહિલાઓ સાડી જોવાના બહાને આવે છે ત્રણ જેટલી મહિલાઓ દુકાને અંદર આવી એક બાદ એક સાડીઓ જોવાનો ડોળ કરે છે.. દુકાનદારનું ધ્યાન વાતોમાં હોય છે ત્યારે એક મહિલા બાળક લઈને આવે છે અને બીજી મહિલાને આ બાળક સોંપે છે તે દરમિયાન એક મહિલા જે પાછળ સાડીઓ જોતી હોય છે તેમની આડી ઊભી રહી એક ડ્રેસનું કાપડ ફેલાવીને જોવા લાગે છે. તે દરમિયાન પાછળ ઊભેલી મહિલા કેટલીક સાડીઓ પોતાની પાસે રહેલી થેલીમાં મૂકી દે છે ત્યારબાદ વાતો કરી આ ત્રણેય મહિલા દુકાનમાંથી નીકળી અને ફરાર થઈ જાય છે. મહિલાઓના ગયા બાદ સ્ટોક ઓછો થયો હોવાની આશંકાએ દુકાનદારે સ્ટોક ચેક કર્યો હતો.. એમાં તેમને સ્ટોક ઓછો લાગતા સીસીટીવી ફૂટેજ તપાસીયા હતા.. એમાં આ ત્રણેય મહિલાઓ કરામત કરતી નજરે પડી હતી દુકાનદારે આ ત્રણેય મહિલાઓ વિરુદ્ધ સરથાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી સરથાણા પોલીસે સીસીટીવી ફૂટેજ ના આધારે તપાસ શરૂ કરી છે.

## વડોદરાના સુભાનપુરામાં માધવ ગ્રુપ ઓફ કંપની પર આઈટીના દરોડા



વડોદરા,તા. ૧૮

માધવ ગ્રુપ ઓફ કંપનીના કોમ્પ્યુટર, દસ્તાવેજ, હાર્ડ ડિસ્ક સહિતની વસ્તુઓ જપ્ત કરી છે. આઈટી અધિકારીઓએ પોલીસ બંદોબસ્ત સાથે તપાસ હાથ ધરાવવામાં આવી છે. ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી આઈટી અને સીબીઆઈ દ્વારા અલગ અલગ કેસ બાબતે દરોડા પડવાની કામગીરી ચાલી રહી છે. આઈટી અધિકારીઓએ પોલીસ બંદોબસ્ત સાથે તપાસ હાથ ધરવામાં આવી છે. કન્સ્ટ્રક્શન અને સોલાર સિસ્ટમ સાથે સંકળાયેલી કંપની પર આઈટીના દરોડા પાડ્યા છે. જો કે આઈટીની તપાસમાં મોટા ખુલાસા થવાની શક્યતાઓમાં વધારો થયો છે. બીજી તરફ આ અગાઉ સીઆઈડી ક્રાઈમે અમદાવાદ અને સુરતની ૧૧ પેઢીમાં તપાસ હાથ ધરી હતી. જેમાં રોકડ, વિદેશી નાણું અને સોના સહિત ૧૫ કરોડથી વધુ રકમ મળી આવી હતી. શંકાસ્પદ વ્યવહારો અને ખાતેદારો અંગે તપાસ હાથ ધરવામાં આવી હતી. મોટા પાયે રોકડ રકમ મળતા સીઆઈડી ક્રાઈમ દ્વારા ઈન્કમટેકસને જાણ કરાઈ હતી.

## સાંસદ સ્વાતિ માલીવાલ પર હુમલાના કેસમાં દિલ્હી પોલીસે મુખ્ય આરોપી બિભવ કુમારની સીએમ આવાસમાંથી ધરપકડ કરી

નવી દિલ્હી,તા. ૧૮

આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સાંસદ સ્વાતિ માલીવાલ પર હુમલાના કેસમાં દિલ્હી પોલીસની ટીમ સીએમના નિવાસસ્થાને પહોંચી હતી. આ દરમિયાન દિલ્હી પોલીસે આ કેસના મુખ્ય આરોપી બિભવ કુમારની સીએમ આવાસમાંથી ધરપકડ કરી છે. જણાવી દઈએ કે સ્વાતિ માલીવાલે અરવિંદ કેજરીવાલના પીએ બિભવ કુમાર પર મારપીટ અને ગેરવર્તનનો આરોપ લગાવ્યો છે. સ્વાતિ માલીવાલે આ મામલે એફઆઈઆર પણ નોંધાવી છે. જ્યારથી એફઆઈઆર નોંધાઈ છે ત્યારથી દિલ્હી પોલીસ સતત બિભવ કુમારને શોધી રહી હતી. દિલ્હી પોલીસને બિભવ કુમારના સીએમ હાઉસમાં હોવાની માહિતી પહેલાથી જ મળી હતી. માહિતી બાદ એસએચઓ સિવિલ લાઈન્સ અને એડિશનલ ડીસીપી નોર્થ પોલીસ ટીમ સાથે સીએમ આવાસ પહોંચ્યા. માહિતી મળ્યા બાદ એક વાહન સીએમ હાઉસ પહોંચ્યું. જ્યારે દિલ્હી પોલીસની ટીમ સીએમ હાઉસ પહોંચી તો ત્યાંના દરવાજા પહેલાથી જ ખુલ્લા હતા. આ વાહન ગેટ પર રોકાયું ન હતું અને સીધું સીએમ હાઉસ તરફ ગયું હતું. વાહન માટે સીએમ હાઉસમાં પહેલાથી જ મેસેજ હતો. આ પછી દિલ્હી પોલીસની ટીમ સીધી સીએમ હાઉસ ગઈ અને ત્યાંથી બિભવ કુમારની ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ બાદ દિલ્હી પોલીસ બિભવ કુમારને સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. મહત્વની વાત એ છે કે, ધરપકડ પહેલા બિભવ કુમારે એક મેઈલ મોકલ્યો હતો, જેમાં તેણે દરેક તપાસમાં સહકાર આપવાનું વચન આપ્યું હતું. પોતાના મેલમાં બિભવ કુમારે લખ્યું છે કે 'હું દરેક તપાસમાં સહકાર આપવા તૈયાર છું. મને મીડિયા દ્વારા એફઆઈઆર નોંધવાની ખબર પડી. એફઆઈઆર બાદ હજુ સુધી મને કોઈ નોટિસ આપવામાં આવી નથી. દિલ્હી પોલીસે પણ મારી ફરિયાદ પર ધ્યાન આપવું જોઈએ.



જનસેવા કેન્દ્રમાં ઉપલબ્ધ વિવિધ સેવાને વધુ સુદ્રઢ અને ઝડપી બનાવવા નાગરિકો પાસે સ્વયં અભિપ્રાય મેળવ્યા

# ગાંધીનગર જિલ્લા કલેકટરશ્રીએ કલોલ તાલુકાના જનસેવા કેન્દ્રની ઓંચિતી મુલાકાત લીધી

## જનસેવા કેન્દ્રમાં લોકભાગીદારીથી તાત્કાલિક મોટા બે વોટર કુલરો મૂકવાની સૂચના આપી



ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવેએ કલોલ તાલુકાના જનસેવા કેન્દ્રની ઓંચિતી મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન જનસેવા કેન્દ્ર ખાતેની વિવિધ સુવિઘા અંગે માહિતી મેળવી નાગરિકો પાસેથી જનસેવા અંગેના અભિપ્રાય મેળવ્યા હતા. ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવેએ આજે સવારના ૧૧.૦૦ કલાકે અચાનક કલોલ મામલતદાર કચેરી ખાતે આવેલા જનસેવા કેન્દ્રની ઓંચિતી મુલાકાતે પહોંચી ગયા હતા.

કલેકટર શ્રી મેહુલ દવે સીઘા જ જનસેવા કેન્દ્રમાં ગયા હતા. ત્યાં આગળ જનસેવા કેન્દ્રમાં પોતાના વિવિધ સરકારી દસ્તાવેજો અને અન્ય કામો માટે આવેલા નાગરિકો સાથે જન સેવાની સુવિધાઓ અંગેની માહિતી તેમના મુખે સાંભળી હતી. તેમજ જનસેવા કેન્દ્ર ખાતે તમામ પ્રમાણપત્રોસમયસર મળી રહે તે છે કે નહિ, તેની ખાત્રી પણ તેમણે નાગરિકોના મુખે સાંભળી હતી. તે ઉપરાંત તેમણે સમગ્ર જનસેવા કેન્દ્રના એક એક ટેબલની મુલાકાત લઈ ત્યાં કઈ કઈ સરકારી સેવા-યોજનાનો લાભ આપવામાં આવે છે, તેની માહિતી જનસેવાના કર્મયોગીઓ પાસેથી મેળવી હતી. તેમજ જનસેવાના કાર્યને વધુ સદ્રઢ અને ઝડપી બનાવવા માટે ભવિષ્યામાં શું આયોજન કરવું જોઈએ તેની વિસ્તૃત માહિતી અહીં કામ કરતાં કર્મયોગીઓ મેળવી તેમણે જન સેવામાં કામ અર્થે આવેલા નાગરિકો પાસેની સલાહ-સૂચનો મેળવ્યા હતા. તેમણે જનસેવાના ભાવને કેન્દ્રમાં રાખી સર્વે કર્મયોગીઓને કામ કરવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું. તેમજ નાગરિકોને જનસેવાના કાર્યમાં કોઈ તકલીફ કે મુશ્કેલી ઉભી થાય તો સ્થાનિક અધિકારી એવા પ્રાંત અધિકારી કે મામલદારશ્રીનો સંપર્ક કરવા પણ જણાવ્યું હતું. ઉનાળાની ઋતુ હોવાથી સબરજીસ્ટ્રાર કચેરી કલોલ ખાતે નાગરિકોની સુવિધામાં પંખા, બેઠક વ્યવસ્થા અને પીવાના પાણીની સુવિધાનું કલેકટર શ્રી મેહુલ દવેએ જાત નિરીક્ષણ કર્યું હતું. તેમને આ દરમ્યાન જણાવવા મળ્યું હતું કે, જે.કે. લક્ષ્મી સિમેન્ટ દ્વારા થોડાક દિવસમાં નાગરિકોને પીવાનું ઠંડુ અને શુધ્ધ પાણી મળી રહે તે માટે સબ રજીસ્ટાર કચેરીએ જનસેવા કેન્દ્ર ખાતે વોટર કુલર આપવામાં આવનાર છે. તેની ચર્ચા કરી હતી. અહીં ઉપલબ્ધ પાણીના જગ મુકીને નાગરિકોને પાણીની સુવિધા આપવામાં આવી રહી છે, તેનો આનંદ વ્યકત કરીને સર્વે અધિકારીઓ – કર્મયોગીઓને પાણીના જગ અને કચેરી પરિસરમાં સ્વચ્છતા જળવાઈ તેની ખાસ તકેદારી રાખવા ભારપૂર્વક જણાવ્યું હતું.

# માતા વૈષ્ણોદેવીની મુલાકાત લેનારા શ્રદ્ધાળુઓને પ્રસાદ તરીકે એક છોડ આપવામાં આવશે



કટરા,તા. ૧૮

જમ્મુ અને કાશ્મીરમાં માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડ દ્વારા તેના પ્રકારની પ્રથમ અને ઉમદા પહેલ, ૫૧ શકિતપીઠ માંથી એક માતા વૈષ્ણોદેવીની મુલાકાત લેનારા શ્રદ્ધાળુઓને પ્રસાદ તરીકે એક છોડ આપવામાં આવશે. માતા વૈષ્ણો દેવીનું આ મંદિર રાજયના રિયાસી જિલ્લામાં કટરા શહેરની ત્રિકુટા પહાડીઓ પર આવેલું છે. માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડના સહાયક વન સંરક્ષક વિનય ખજુરિયાએ જણાવ્યું હતું કે, "નિહારિકા ભવન ખાતે એક કિઓસ્ક સ્થાપિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જે ભક્તોને 'પ્રસાદ' તરીકે રોપાઓ પ્રદાન કરશે જેથી તેઓ તેને માતા વૈષ્ણોદેવીને અર્પણ કરી શકે. પાછા ફરવા પર તેમના વતન પર આશીર્વાદ તરીકે વાવેતર કરી શકાય છે. તેમને કહ્યું કે લોકોને વધુને વધુ વૃક્ષો વાવવા અને પૃથ્વીને હવામાન પરિવર્તન અને ગ્લોબલ વૉમિંગથી બચાવવા માટે પ્રોત્સાહિત કરવા માટે આ પહેલ કરવામાં આવી છે. તેમણે કહ્યું, "નિયત લક્ષ?યાંક મુજબ દર વર્ષે ફ્લોરીકલ્ચરના લગભગ બે થી ત્રણ લાખ છોડ અને એક લાખથી વધુ વન જાતિઓનું વાવેતર કરવામાં આવે છે." "આગામી થોડા દિવસોમાં, બોર્ડ ઔપચારિક રીતે વૈષ્ણો દેવી મંદિરની મુલાકાતે આવતા શ્રદ્ધાળુઓને પ્રસાદ તરીકે રોપા આપવાનું શરૂ કરશે," તેમણે કહ્યું. માતા રાણીના આશીર્વાદ તરીકે ભક્તો પોતાની સાથે રોપા લઈ શકે છે. ઉલ્લેખનીય છે કે કટરા નજીકના પંથલ વિસ્તારના કુનિયા ગામમાં શ્રાઈન બોર્ડ દ્વારા ખાસ કરીને હાઈટેક નર્સરીની સ્થાપના કરવામાં આવી છે. દર વર્ષે લગભગ એક કરોડ શ્રદ્ધાળુઓ પવિત્ર ગુફા મંદિરના દર્શન કરવા માટે કટરા આવે છે.

# ઓનલાઈન ટાસ્કના નામે ૨૧ લાખ પડાવનાર ગેંગના ભોપાલના ચાર સાગરીત ઝડપાયા



જામનગર,તા.૧૮

ઓનલાઈન ટાસ્કની પાર્ટ ટાઈમ જોબના નામે વડોદરાના યુવા પાસે ૨૧ લાખ પડાવીને ગેંગના વધુ ચાર સાગરીત ભોપાલથી પકડાયા છે. કારેલીબાગના જીતેન્દ્ર બડભુજરને પાર્ટ ટાઈમ જોબની ઓફર કરનાર ટોળકીએ શરૂઆતમાં યુટ્યુબ પર મુવીને લાઈક કરવા તેમજ બીજા ટાસ્ક આપી શરૂઆતમાં રૂપિયા આપ્યા બાદ પ્રીમિયમ ટાસ્કના નામે અલગ અલગ બેન્ક એકાઉન્ટમાં ડિપોઝિટ ભરાવી ઠગ ટોળકીએ રૂ.૨૧ લાખ ઉપરાંતની રકમ પડાવી દીધી હતી. આ ગુનામાં વડોદરા સાયબર સેલે અગાઉ સાત જણાની ધરપકડ કરી હતી. તપાસ દરમિયાન ભોપાલના સાગરીતોનું પણ નામ ખુલતા સાયબર સેલની ટીમે ભોપાલમાં તપાસ કરી હતી. જે દરમિયાન ચાર આરોપી ભોપાલની જેલમાં હોવાનું જણાઈ આવતા પોલીસે ટ્રાન્સફર વોરંટી ચારેયની ધરપકડ કરી વડોદરા લાવવા તજવીજ કરી હતી.આ ચાર સાગરીતમાં એક બેંક કર્મચારીનો પણ સમાવેશ થાય છે.જેણે બોગસ કેવાયસી કરી ગેંગના સાગરીતોના બેન્ક એકાઉન્ટ ખોલવામાં મદદ કરી હતી. પોલીસે પકડેલા ચાર એકાઉન્ટ હોલ્ડરમાં ત્રણ આરોપી ધોરણ ૧૦ સુધી ભણેલા છે જ્યારે એક આરોપી એમબીએ થયેલો છે. પકડાયેલાઓમાં (૧)ફરહાન ઉર્ફે આસલ રહેમાન રિઝવાન (૨) શારીક મુસ્તાક બેગ (૩) મોહમ્મદ ઉવેશ ખાન સાફિક અને (૪)શહજમાખાન નાસીર ખાનનો સમાવેશ થાય છે.

# રાજકોટની નિહિત બેબી કેર હોસ્પિટલ આયુષ્માન યોજનામાંથી રદ




**બાળકોના ખોટા રિપોર્ટ બનાવી આયુષમાન યોજના હેઠળ સરકાર પાસેથી પૈસા પડાવવા બાબતે**

રાજકોટ,તા. ૧૮

નાના માસૂમ બાળકોના ખોટા રિપોર્ટ બનાવી આયુષમાન યોજના હેઠળ સરકાર પાસેથી પૈસા પડાવવા બાબતે રાજકોટની નિહિત બેબી કેર હોસ્પિટલ સામે સરકાર દ્વારા કડક પગલા લેવામાં આવ્યા છે. સરકારે આ હોસ્પિટલને આયુષમાન યોજનાની સુવિધા આપતી હોસ્પિટલ્સના લિસ્ટમાંથી રદ કરી દીધી છે. નિહિત બેબી કેર હોસ્પિટલના તબીબ ડો. હિરેન મશરુએ બાળકોના ખોટા રિપોર્ટ બનાવી સરકાર પાસેથી ૨ કરોડથી વધુની રકમ અયોગ્ય રીતે હાંસલ કરી હતી. તેણે સ્વસ્થ બાળકોને બિમાર બતાવ્યા હતા. આ માટે તેણે લેબ સાથે પણ સાંઠગાંઠ કરી હતી. આરોગ્ય વિભાગ દ્વારા હોસ્પિટલમાં યોગ્ય તપાસ કરવામાં આવતા આ સમગ્ર કૌભાંડનો ખુલાસો થયો હતો.રાજકોટના લક્ષ્મીનગરમાં આવેલ નિહિત બેબિકેર હોસ્પિટલનાં કારસ્તાનનો ભાંડાફોડ થયો હતો. ડોકટર હિરેન મશરુ દ્વારા ખોટા રિપોર્ટ આયુષ્યમાન પોર્ટલ પર અપલોડ કરી છેતરપિંડી આચરવામાં આવી હતી. નાના બાળકોનાં નોર્મલ રિપોર્ટ બદલી નાંખવામાં આવતા હતા. બાળકોનાં રિપોર્ટ સેમ્પલ મંગલમ લેબોરેટરીમાં મોકલાતા હતા. મંગલમ લેબોરેટરીમાં રિપોર્ટ સાથે છેડછાડ કરવામાં આવતી હતી. બાળકો સ્વસ્થ હોવા છતાં બિમાર હોવાનાં રિપોર્ટ બનાવી દાખલ રાખવામાં આવતા હતા. બાળકોનાં ખોટા દસ્તાવેજો આયુષ્યમાન પોર્ટલ પર મુકી કરોડોનું કૌભાંડ આચરાયું હતું. હોસ્પિટલનાં તબીબ ડૉ. હિરેન મશરૂએ ૮ મહિનામાં રૂા. ૨.૩૫ કરોડનું કૌભાંડ આચર્યું હતું. તેમજ ૫૨૩ દર્દીઓના ખોટા રિપોર્ટ બનાવી કરોડોનું કૌભાંડ આચર્યું હતું.

# કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેકમાં સ્થાનિક અને વિદેશી વિદ્યાર્થીઓ વચ્ચે હિંસક અથડામણ



નવી દિલ્હી,તા. ૧૮

કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેકમાં સ્થાનિક અને વિદેશી વિધ્યાર્થીઓ વચ્ચે હિંસક અથડામણના સમાચાર સામે આવ્યા હતા. આ ઘટના ત્રણ પાકિસ્તાની વિદ્યાર્થીઓના મોત બાદ ભારતે તેના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શિકા જાહેર કરી છે. ભારતના વિદેશ મંત્રીએ પણ નિવેદન જારી કરીને સૂચનાઓ આપી છે. મળતી માહિતી મુજબ, કિર્ગીઝ વિદ્યાર્થીઓ અને ઈજિપ્તના મેડિકલ વિદ્યાર્થીઓ વચ્ચે લડાઈ અને લડાઈનો વીડિયો વાયરલ થયો હતો, જેના પછી કિર્ગીઝ વિદ્યાર્થીઓ વિદેશી વિદ્યાર્થીઓ પર હુમલો કરી રહ્યા છે. ભારતીય દૂતાવાસે તેના વિદ્યાર્થીઓ માટે એડવાઈઝરી પણ જારી કરી છે. કિર્ગિસ્તાનમાં ભારતીય દૂતાવાસે ટ્વિટર પર એક પોસ્ટમાં લખ્યું, 'અમે અમારા વિદ્યાર્થીઓના સંપર્કમાં છીએ. પરિસ્થિતિ હાલમાં શાંત છે, પરંતુ વિદ્યાર્થીઓને તેમના ઘરની અંદર રહેવાની અને કોઈપણ સમસ્યાના કિસ્સામાં સીધો એમ્બેસીનો સંપર્ક કરવાની સલાહ આપવામાં આવે છે. અમારો 24×7 સંપર્ક નંબર ૦૫૫૫૭૧૦૦૪૧ છે. વિદેશ મંત્રી એસ જયશંકરે ટ્વિટર પર લખ્યું, 'હું બિશ્કેકમાં ભારતીય વિદ્યાર્થીઓની સ્થિતિ પર નજર રાખી રહ્યો છું, કહેવામાં આવી રહ્યું છે કે હવે શાંતિ છે. વિદ્યાર્થીઓને એમ્બેસી સાથે નિયમિત સંપર્કમાં રહેવાની સલાહ આપવામાં આવે છે.



आगामी लोकसभा चुनाव २०२४ के प्रचार अंतर्गत आज ओडिशा के केंद्रपाड़ा लोकसभा लोकसभा के उम्मीदवार बैजयंत पांडा ओर ओल विधानसभा क्षेत्र के भाजपा प्रत्याशी श्री कृष्ण चंद्र पंडा जी के समर्थन में जोन-२७ बूथ कार्यकर्ताओं के साथ गुजरात सरकार के केबिनेट मंत्री श्री कुबेरभाई डिंडोर साहब ने बैठक की।

# ચૂંટણીમાં ગેરરીતિઓને રોકવા અને સ્વચ્છ ચૂંટણીઓ યોજવા માટેનાગરિકો ઈસી સાથે લાંબા સમય સુધી જોડાય છે

## છેલ્લા બે મહિનામાં cVigil તરફથી ૪.૨૪ લાખથી વધુ ફરિયાદો મળી છે; ૯૯.૯% કેસનો નિકાલ

લોકસભાચૂંટણી૨૦૨૪માં, ભારતના ચૂંટણી પંચની cVIGILએપ્લિકેશન લોકોના હાથમાંચૂંટણી આચાર સંહિતાના ઉલ્લંઘનને ચિન્હિત કરવા માટે એક ખૂબ જ અસરકારક સાધન તરીકે ઉભરી આવી છે. સામાન્ય ચૂંટણીઓ ૨૦૨૪ની જાહેરાત પછીથી, ૧૫ મે, ૨૦૨૪ સુધી આ એપના માધ્યમથી ૪.૨૪ લાખથી વધુ ફરિયાદો મળી છે. જેમાંથી ૪,૨૩,૯૦૮ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે અને બાકીના ૪૦૯ કેસોની પ્રક્રિયા ચાલી રહી છે. લગભગ, ૮૯% ફરિયાદોનું નિરાકરણ ૧૦૦ મિનિટની સમયરેખામાં લાવવામાં આવ્યું હતું, જેમકે ઈસીઆઈએ દ્રઢતાથી વાયદો કર્યો હતો. નાગરિકોએ નિયત સમય કે ઘોંઘાટના સ્તરથી વધુ લાઉડસ્પીકરનો ઉપયોગ, પ્રતિબંધનાસમય ગાળાદરમિયાન પ્રચાર કરવા, પરવાનગી વિના બેનરો કે પોસ્ટર લગાવવા, પરવાનગી વગર વાહનો ગોઠવવા, મિલકતમાં તોડફોડ, હથિયારો દર્શાવવા/ ધાકધમકી આપવા અને પ્રલોભનોની ચકાસણી કરવા, ચૂંટણીમાં થતી ગેરરીતિઓને રોકવા માટે આ એપનો ઉપયોગ કર્યો છે. કેટેગરી પ્રમાણેની ફરિયાદો નીચે મુજબ છે: cVIGIL એક યુઝર-ફ્રેન્ડલી અને ઓપરેટ કરવામાં સરળ એપ્લિકેશન છે, જે જાગૃત નાગરિકોને જિલ્લા કન્ટ્રોલ રૂમ, રિટર્નિંગ ઓફિસર અને ફ્લાઈંગ સ્ક્વોડ ટીમ સાથે જોડે છે. આ એપનો ઉપયોગ કરીને નાગરિકો રાજકીય ગેરવર્તણૂંકની ઘટનાઓ અંગે ગણતરીની મિનિટોમાં અને રિટર્નિંગ ઓફિસરની કચેરીએ ધસી ગયા વિના તાત્કાલિક જાણ કરી શકે છે. cVIGIL એપ પર ફરિયાદ મોકલાતા જ ફરિયાદીને યુનિક આઈડી મળશે જેના દ્વારા તે વ્યક્તિ પોતાના મોબાઈલ પર ફરિયાદને ટ્રેક કરી શકશે. એક સાથે કામ કરતા પરિબળોની ત્રિપુટી cVIGILને સફળ બનાવે છે. યૂઝર્સ વાસ્તવિક સમયમાં ઓડિયો, ફોટા અથવા વીડિયોઝ કેપ્ચર કરે છે, અને ફરિયાદોના સમયબદ્ધ પ્રતિસાદ માટે "૧૦૦-મિનિટ" કાઉન્ટડાઉન સુનિશ્ચિત કરવામાં આવે છે. યૂઝર્સ ષ્ઙૈંન્માં તેમના કેમેરાને સ્વિચ ઓન કરે કે તરત જ આ એપ્લિકેશન આપમેળે જીઓ-ટેગિંગ સુવિધાને સક્ષમ કરે છે અને ઉલ્લંઘનની જાણ કરે છે. આનો અર્થ એ છે કે ફ્લાઈંગ સ્કવોડ નોંધાયેલા ઉલ્લંઘનનું ચોક્કસ સ્થાન જાણી શકે છે, અને નાગરિકો દ્વારા કબજે કરવામાં આવેલી છબીનો અદાલતમાં પુરાવા તરીકે ઉપયોગ કરી શકાય છે. નાગરિકો અનામી રીતે પણ ફરિયાદોની જાણ કરી શકે છે. દુરુપયોગને રોકવા માટે, CVIGIL એપ્લિકેશનમાં ભૌગોલિકનિયંત્રણો, રિપોર્ટિંગમાં સમયની મર્યાદા અને ડુપ્લિકેટ અથવા અર્થહીન ફરિયાદોને ફિલ્ટર કરવા માટેની પદ્ધતિઓનો સમાવેશ થાય છે. એપ્લિકેશન તકનીકીનો લાભ લેવા અને મતદારો અને રાજકીય પક્ષોને સુવિધા આપવા માટે કમિશન દ્વારા બનાવવામાં આવેલી એપ્લિકેશનમાંથી એક છે.




**જીઓ-ટેગિંગની મદદથી ફ્લાઇંગ સ્કવોડ્સ મિનિટોમાં ઉલ્લંઘનના સ્થાન પર દોડી જાય છે**

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028